AAE-009-001436 Seat No. ________

# B. R. S. (Sem. IV) (CBCS) Examination

March / April - 2016

## ELT - 411 : Philosophy of Gandhian Life - II
## (Elective - 12)

**Faculty Code : 009**

**Subject Code : 001436**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

૧ નીચે આપેલ MCQ પ્રશ્નોના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો : ૨૦

(૧) નીચેનામાંથી મનુષ્યની પ્રાથમિક જરૂરિયાત કઈ છે ?

(A) ખેતી (B) નોકરી

(C) ખોરાક (D) મોજશોખ

(૨) કઈ વ્યવસ્થાની માફક આર્થિક વ્યવસ્થામાં પણ ગાંધીજી કેન્દ્રીકરણના વિરોધી હતા ?

(A) સામાજિક (B) રાજકીય

(C) શૈક્ષણિક (D) આધ્યાત્મિક

(૩) અહિંસક અસહકારનો ગાંધીજીએ આપેલો કાર્યક્રમ કેટલા પ્રકારનો હતો ?

(A) બે (B) ચાર

(C) છ (D) આઠ

(૪) અસહકારની ચળવળ પુરજોશમાં હતી ત્યારે ૧૯૨૨માં કયા જિલ્લાના ચૌરીચૌરા ગામમાં પોલીસના ૨૧ માણસોના ખૂન કર્યા હતા ?

(A) ચંપારણ (B) ખેડા

(C) વિજાપુર (D) ગોરખપુર

(૫) ચૌરાચૌરાની હિંસક ઘટનાના પ્રાયશ્ચિત તરીકે ગાંધીજીએ કેટલા દિવસના ઉપવાસ કર્યા ?

(A) બે (B) પાંચ

(C) છ (D) આઠ

(૬) ભગતસિંહ અને તેમના સાથીઓને કઈ જેલમાં ફાંસી દેવાઈ હતી ?

(A) લુધિયાણા (B) પંજાબ

(C) લાહોર (D) કરાંચી

(૭) ભગતસિંહની સાથે બીજા કયા તેના સાથીને ફાંસી અપાઈ હતી ?

(A) સુખદેવ (B) સુખરામ

(C) રાજદેવ (D) આમાંથી એકેય નહીં

(૮) મહાદેવભાઈ દેસાઈનો જન્મ કઈ સાલમાં થયો હતો ?

(A) ઈ.સ. ૧૮૬૯ (B) ઈ.સ. ૧૮૮૨

(C) ઈ.સ. ૧૮૮૮ (D) ઈ.સ. ૧૮૯૨

(૯) ગાંધીજીએ અમદાવાદ સાબરમતી આશ્રમની સ્થાપના કરી ત્યારે ગાંધીજીના સત્સંગમાં સૌથી પહેલા આવનાર કોણ હતા ?

(A) વલ્લભભાઈ પટેલ (B) મહાદેવભાઈ દેસાઈ

(C) નહેરુ (D) સુભાષચંદ્ર બોઝ

(૧૦) ગાંધીજીના મતે શું એટલે સમાજના બધા અંગ સરખા તેમાં કોઈ ઊંચા નથી કે કોઈ નીચા નથી ?

(A) ધાર્મિકવાદ (B) આર્થિકવાદ

(C) સમાજવાદ (D) લોકશાહીવાદ

(૧૧) કઈ સાલમાં ગાંધીજીએ મજુર મહાજનની સ્થાપના કરી હતી ?

(A) ઈ.સ. ૧૯૨૦ (B) ઈ.સ. ૧૯૨૨

(C) ઈ.સ. ૧૯૪૨ (D) ઈ.સ. ૧૯૪૭

(૧૨) ''હિન્દી રાષ્ટ્રીય મજદુર કૉંગ્રેસ''ની સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?

(A) ઈ.સ. ૧૯૨૦ (B) ઈ.સ. ૧૯૨૨

(C) ઈ.સ. ૧૯૪૨ (D) ઈ.સ. ૧૯૪૭

(૧૩) ''તમે દેવ અને દાનવ બંનેની પૂજા સાથોસાથ કરી શકો નહીં,'' એ સૂત્રમાં ઊંચામાં ઊંચું કયું સત્ય સમાયેલું છે ?

(A) સામાજિક (B) આર્થિક

(C) ધાર્મિક (D) આમાંથી એકેય નહીં

(૧૪) ગાંધીજીના મતે સ્વાર્થને બદલે પરમાર્થને વિશેષ પ્રદર્શિત કરીશું ત્યારે જ આપણે કેવી પ્રજા બની શકીશું ?

(A) સામાજિક (B) શૈક્ષણિક

(C) આધ્યાત્મિક (D) આર્થિક

(૧૫) ગાંધીજીના મતે સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે કયું ઉત્તમ સાધન હતું ?

(A) રેંટિયો (B) ખેતી

(C) યંત્ર (D) ઉદ્યોગ

(૧૬) આત્મશુદ્ધિના અર્થે કોનું મહત્ત્વ બધા ધર્મોએ સ્વીકારેલું છે ?

(A) આસન (B) ધ્યાન

(C) ધારણા (D) ઉપવાસ

(૧૭) ''હું માણસનો ગુલામ થવાને ઈચ્છીશ, પણ મારા મનનો ગુલામ થવા નહીં ઈચ્છું.'' આવું કોણે કહ્યું હતું ?

(A) ટાગોર (B) ગાંધીજી

(C) સરદાર પટેલ (D) જવાહરલાલ નહેરુ

(૧૮) ગાંધીજીના મત મુજબ મજૂરોએ માલિકો તરફ કે માલિકોએ મજૂરો તરફ શું ન રખાય ?

(A) સારા સંબંધ (B) અવૈરવૃત્તિ

(C) વૈરવૃત્તિ (D) આમાંથી એકેય નહીં

(૧૯) મજૂરો અને માલિકો એ બંને એકબીજાનાં શું છે ?

(A) પૂરક (B) સારા મિત્રો

(C) દુશ્મન (D) ધંધાભાઈ

(૨૦) કોણે કહ્યું છે, ''સમાજવાદ એ સુંદર શબ્દ છે''.

(A) વિવેકાનંદ (B) સરદાર પટેલ

(C) સુભાષચંદ્ર બોઝ (D) ગાંધીજી

૨ ગાંધીજીની આર્થિક વિચારણાની વિસ્તૃત ચર્ચા કરો. ૧૦

૩ નીચે આપેલ **બે** પ્રશ્નોમાંથી કોઈ પણ **એક**નો જવાબ આપો : ૧૦

(૧) ગાંધીજી અને શહીદ ભગતસિંહ વચ્ચેના વિચારોની સમજૂતી આપો.

(૨) ખાદી અને ગ્રામોદ્યોગ વિશે ગાંધીજીની વિચારણાને વિસ્તૃતતાથી જણાવો.

૪ મહાપુરુષોના સ્થાનમાં ગાંધીજી અને મહાદેવભાઈ દેસાઈ વચ્ચેના વિચારો સમજાવો. ૧૦

**અથવા**

૪ માલિકો અને મજૂરો વચ્ચે ગાંધીજીના નૈતિક અને આર્થિક સંબંધોને વિસ્તારથી જણાવો. ૧૦

૫ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **બે**) ૧૦

(૧) ઉપવાસ

(૨) ગાંધીજીનો સમાજવાદ

(૩) સાદું જીવન ઉચ્ચવિચાર.

૬ ગાંધીજીના અહિંસક અસહકારના ખ્યાલને વિસ્તૃતતાથી સમજાવો. ૧૦